# જિલ્લામાં કોરોનાની ભયાવહ સ્થિતિ : ૩૨૩ નવા કેસ

**ગ્રામીણ વિસ્તારમાં ૧૦૫ કેસ, દહેગામમાં ૨૪ કેસ, ગાંધીનગરમાં ૫૦ કેસ, કલોલમાં ૧૪ કેસ, માણસામાં ૧૭ કેસ : જિલ્લામાં આજે ૧૨૫ મહિલા દર્દીઓ નોંધાઈ જેમાં ગ્રામ્યમાં ૪૪ અને શહેરમાં ૮૧ મહિલા દર્દી નોંધાઈ : શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૯૦ જેટલા કેસ તો સેક્ટરોમાં ૭૦ થી વધુ કેસ નોંધાયા : જ્યારે શહેરના સેક્ટરોમાંથી સે. ૨૭ માંથી ૧૦, સે. ૩૦ માંથી ૮, સે. ૨૪, ૧૨ અને ૧૩ માંથી ૬-૬ કેસ, સે. ૨, ૫, ૬ માંથી ૫-૫ કેસ, સે. ૨૬ માંથી ૪ કેસ, સે. ૨૩ માંથી ૩ કેસ, સે. ૧૪, ૧૫, ૨૯, ૨૨, ૧૯, જીઈબીમાંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૧૬, ૪ માંથી પણ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં દિન પ્રતિદિન કોરોનાની ભયાવહ સ્થિતિ બની રહી છે. આજે જિલ્લામાં ૩૨૩ કેસ નોંધાયા છે. જિલ્લામાં જે ગતિએ કોરોનાએ રફતાર પકડી છે તેને લઈ તંત્ર પણ હવે લાચાર બન્યુ છે. જિલ્લામાં ખાનગી તેમજ સરકારી હોસ્પિટલો પર હાઉસફુલના પાટિયા લાગી ગયા છે.

હોમ આઈસોલેશનમાં પણ દર્દીઓની સંખ્યા વધતાં તંત્ર દ્વારા આવા દર્દીઓના મોનીટરીંગની નવી જવાબદારી ઉભી થવા પામી છે. જિલ્લામાં જે રીતે પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા છે તેનાથી તંત્રની ચિંતા વધી છે. તંત્ર સતત દોડધામમાં અટવાયેલુ છે.

આ વખતની લ્હેરમાં ઓક્સીજનની જરૂરિયાત પણ વધવા પામી છે એટલુ જ નહિ વેન્ટીલેટર સહિતની સુવિધાઓ પણ ઓછી પડી રહી છે. જિલ્લામાં એ સિમ્ટોમેટીક પેશન્ટો હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે તેમને કોવિડ કેર સેન્ટરમાં શિફ્ટ કરવાની કામગીરી પણ તંત્રએ વેગીલી બનાવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. ખાસ કરીને અંતરિયાળ ગામોમાં પરિવારોના પરિવાર જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રએ હવે ગ્રામ્ય વિસ્તારમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ માસ્ક ફરજીયાત પહેરવાની અમલીકરણ પર ભાર મુક્યો છે.

ગ્રામીણ વિસ્તારોમાં જે રીતે સંક્રમણ વધી રહ્યુ છે તેનાથી ગ્રામીણ વિસ્તારોમાં પણ હવે સ્વયંભુ લોકડાઉન લોકો કરી રહ્યા છે.

જિલ્લાના તંત્રના સૂત્રોએ આજે કોરોનાથી એક વ્યક્તીનું ગાંધીનગર તાલુકામાં મૃત્યુ થયાનું સ્વીકાર્યુ છે. ઘણા લાંબા સમય બાદ તંત્રએ આજે મૃત્યુ થયાની વાતનો સ્વીકાર કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કેસો વધ્યા છે પણ હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલા લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. તંત્ર આંકડાની માયાજાળ રચવામાં વ્યસ્ત વધુ હોવાથી લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૫ કેસ તંત્ર કહે છે જ્યારે સરકારે ૧૫૦ કેસ અને શહેરમાં ૧૭૩ કેસ નોંધાયા છે તેને લઈ તંત્ર દ્વારા સઘનીકરણ સેવાઓની વાતનો છેદ ઉડી ગયો છે. ગ્રામીણ વિસ્તારોમાં લોકોને સ્વયંભુ લોકડાઉનનો નિર્ણય લેવાનો વખત આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૨૪ કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં ૫૦ કેસ, કલોલમાં ૧૪ કેસ તો માણસામાં ૧૭ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓમાં ૪૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૩ કર્મયોગી, ૧૨ ખેડૂત, ૧૦ વિદ્યાર્થી સંક્રમિત થયા છે.

દહેગામ તાલુકામાં આજે ૨૪ કેસ નોંધાયા છે. જેમાં ૯ કેસ દહેગામ અર્બનમાં નોંધાયા છે. આ ઉપરાંત સીયાવાડા ગામે ૨, હાલીસા-૨, સાણોદમાં ૩ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારના બહિયલ, દેવ મુવાડા, કડાદરા, મોટા જલુન્દ્રા, રામનગર, બાદલપુર, લવાડ, સાંપામાંથી પણ કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાની સ્થિતિ વધુ ભયાવહ બનતી જાય છે. તાલુકામાં આજે ૫૦ કેસ નોંધાયા છે. કોરોનાના કેસો આ તાલુકામાં થોભવાનું નામ લેતા જ નથી. તાલુકામાં આરોગ્ય સેવાઓ લગભગ કથળી ચુકી છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલા કેસોમાં ડભોડામાં ૭, જાખોરામાં ૪, ઈસનપુર મોટામાં ૫, મગોડીમાં ૪, અડાલજમાં ૩, મોટા ચિલોડામાં ૩, કાનપુરમાં ૩, રતનપુરમાં ૩, સાદરા, છાલા, લીમ્બડીયામાં ૨-૨ કેસ ઉપરાંત લેકાવાડા, મોટી શિહોલી, ગિફ્ટ સીટી, રૂપાલ, આલમપુર, નવા પાલજ, શેરથા, ઉવારસદ, ગલુદણ, કરાઈ, વલાદ, સોનારડા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાંથી આજે જે કેસો નોંધાયા છે તેમાં બોરીસણામાં ૪ કેસ, છત્રાલમાં ૨ કેસ, સઈજમાં ૪ કેસ, કલોલ અર્બન-૧ માં ૨ કેસ તેમજ આરસોડિયા અને અર્બન-૨ વિસ્તારમાંથી કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકાના રંગપુર ગામમાં આજે ૬ કેસ મળી આવ્યા છે. માણસા અર્બનમાંથી ૪, લોદરા ગામેથી ૨ મળવા ઉપરાંત આજોલ, બાપુપુરા, હિંમતપુરા, લાકરોડા અને રાજપુર ગામેથી પણ કેસો મળી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૫૨૪૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ દર્દીઓની સંખ્યા ૩૦૦ને પાર પહોંચી છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૩૦૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૬૯૭ લોકોને હોમ ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લામાં કોવિડ-૧૯નું સંક્રમણ વધતાં વેક્સીનની કામગીરી ધીરી પડી ગઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૬૨૭ લોકોને વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાનું સંક્રમણ વધવાની ગતિ તેજ બની છે. આજે એક જ દિવસમાં શહેરમાં ૧૭૩ જેટલા કેસો નોંધાયા છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા પણ વધવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાની ગતિ તીવ્ર બની હોવાથી તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ. શહેરમાં આજે ૮૧ મહિલા દર્દીઓનો સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે. જેણે તંત્રની ઊંઘ ઉડાડી દીધી છે.

નવા ભેળવાયેલા ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસોની ગતિ વધવા પામી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૭ થી વધુ કેસો નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસો એ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ આઉટ સોર્સિંગ એજન્સી મારફતે ભરતીની પ્રક્રિયા હાથ ધરી છે જેથી સર્વેલન્સ સઘન રીતે થઈ શકે.

તંત્રએ મોટીવયના લોકોને જરૂરી ના હોય તો ઘરની બહાર જવાનું ટાળવા અપીલ દોહરાવી છે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી રાખવા માટે કડક તાકીદ કરી છે.

શહેરમાં નવા ભેળવાયેલા ગ્રામ્ય વિસ્તારમાં રાયસણ ગામેથી ૧૨, વાવોલમાંથી ૧૮, સરગાસણમાંથી ૧૪, કુડાસણમાંથી ૨૨, પેથાપુરમાંથી ૬, ઝુંડાલ, વા. હડમતિયા, રાંધેજામાં ૨-૨ કેસ મળવા ઉપરાંત રાંદેસણમાંથી ૩ કેસ તેમજ અડાલજ, કોલવડા, સુઘડ-કોબામાંથી પણ કેસ મળી આવેલ છે.

જ્યારે શહેરના સેક્ટરોમાંથી સે. ૨૭ માંથી ૧૦, સે. ૩૦ માંથી ૮, સે. ૨૪, ૧૨ અને ૧૩ માંથી ૬-૬ કેસ, સે. ૨, ૫, ૬ માંથી ૫-૫ કેસ, સે. ૨૬ માંથી ૪ કેસ, સે. ૨૩ માંથી ૩ કેસ, સે. ૧૪, ૧૫, ૨૯, ૨૨, ૧૯, જીઈબીમાંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૧૬, ૪ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં વધતા જતા સંક્રમણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં આજે ૧૩ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તે તમામને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં આજે એક જ દિવસમાં ૮૧ મહિલાઓ સંક્રમિત થઈ છે.

શહેરમાં એક્ટીવ કેસના દર્દીઓની સંખ્યા ૮૦૦ના આંકને પાર કરી ગઈ છે જ્યારે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ ૭૫૦ થી વધુ બનાવાયા છે. શહેરમાં ૧૧ હજાર લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરાયા છે.

## ગાંધીનગર સમાચારના મે. તંત્રી કૃષ્ણકાન્ત જહા તેમનો પરિવાર સાથે સંક્રમિત થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સમાચારના મેને. તંત્રી કૃષ્ણકાન્ત જહા અને તેમના પરિવારના સભ્યો કોરોનાથી સંક્રમિત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેમની તબિયત સારી હોવાનું હોસ્પિટલના સૂત્રોએ કહ્યું છે.

શહેરના જાણીતા ઈજનેર અને પદ્મશ્રી એસ.એસ. રાઠોરને પણ કોરોનાથી સંક્રમિત થતાં તેમને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મહાનગરપાલિકાના એપીડોલીયોલોજીસ્ટ પણ સંક્રમિત થયાના સમાચાર જાણવા મળેલ છે. શહેરમાં વધતા જતા સંક્રમણને લઈ નાગરિકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.

સરકારી કચેરીઓમાં પણ કેસોની સંખ્યા વધી રહી છે. જીઆઈડીસીનો કર્મયોગી, આર.ટી.ઓ. અમદાવાદની મહિલા કર્મયોગીની, જીઓલોજી ડિપાર્ટમેન્ટના અધિકારી, ચેતક કમાન્ડો, ડૉક્ટર, શિક્ષક, કૃષિભવનના ડાયરેક્ટર, એક ઓપ્થલયોલોજીસ્ટ પણ સંક્રમિત થયાનું જાણવા મળેલ છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ સૌથી વધુ ચહલ પહલ રહે છે. કોરોનાના દર્દીઓને લઈને દોડતી એમ્બ્યુલન્સ તેમજ ખાનગી વાહનોની અવરજવર પણ વિશેષ રહે છે. છેલ્લા એક વર્ષથી સિવિલ સંકુલના રસ્તાઓ ગાબડાગ્રસ્ત બન્યા છે. આ મામલે અનેક રજુઆતના અંતે પણ હજુ સુધી કામ હાથ ધરવામાં આવ્યુ નથી. સિવિલ સંકુલના ઉબડ ખાબડ માર્ગો ત્વરિત યોગ્ય કરવા માટે પણ નગરજનોએ ઉગ્ર માંગ કરી છે.

## ડૉ. ચાવડા બાદ બળદેવજી ઠાકોરે પણ ૨૫ લાખની ફાળવણી કરવા પત્ર લખ્યો

**મેયરે તેમની ગ્રાન્ટમાંથી તાત્કાલિક પાંચ વેન્ટીલેટર ખરીદી સિવિલને સોંપવા આદેશ આપ્યા**

ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ના વધતા જતા સંક્રમણમાં દર્દીઓને ઝડપી સારવાર ઉપલબ્ધ બને તે માટે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ તેમને મળતી ગ્રાન્ટમાંથી રૂ. ૨૫ લાખ ફાળવવાનો નિર્ણય કર્યો છે.

આજે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ જિલ્લા કલેક્ટરને એક પત્ર લખી કલોલ પંથકમાં દર્દીઓની સારવાર માટે દવા તેમજ વેન્ટીલેટર અને ઓક્સીજન સહિતની સુવિધા માટે રૂ. ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવી છે. તો દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ગઈકાલે દહેગામમાં ૧૦૦ બેડની હંગામી હોસ્પિટલ ઉભી કરવાની જાહેરાત કરી છે જે અંગેની કાર્યવાહી ચાલી રહી છે. માણસાના પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી અને અન્ય દાતાઓના સહયોગથી ચૌધરી ૪૫ બેડનું કોવિડ કેર સેન્ટર ગઈકાલે કાર્યરત કરી દીધુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના ડે. મેયર નાઝાભાઈ ઘાંઘરે તાત્કાલિક અસરથી આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની ખરીદી કરવા મનપાના અધિકારીઓને સૂચવ્યુ છે. આજે મેયર રીટાબેન પટેલે તેમને મેયર તરીકે વર્ષ ૨૦૨૧-૨૨માં ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી તાત્કાલિક પાંચ વેન્ટીલેટર ખરીદી સિવિલ હસ્તક મુકવામાં આવે તેવો આદેશ તંત્રને આપ્યો છે.

જિલ્લામાં વધતા જતા સંક્રમણને પગલે રાજકીય આગેવાનો દ્વારા ગ્રાન્ટ ફાળવણી અને સુવિધાઓની ઉપલબ્ધિ કરાવવાના પ્રયાસો હાથ ધરાયા છે પણ સામે પક્ષે સિવિલમાં ઝડપથી કામગીરી થાય અને મોટા તબીબો દરદીઓની સેવામાં કાર્યરત થાય તે જરૂરી છે.

## નાટયાત્મક હવામાન પલ્ટો આકાશી નઝારો બદલાયો ગરમી ઘટી

**સવારથી જ આકાશમાં વાદળો છવાયેલા રહ્યા : સાંજે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળ્યો : વાતવરણ પલ્ટાના અંતે પણ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર છતા ગરમીમાં રાહત**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે આજે મોસમમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણના લીધે નગરજનોએ ગરમીમાં અંશત: રાહત અનુભવી હતી. સાંજના સમયે પણ વાદળોના ઘેરાવ વચ્ચે આકાશી નઝારો બદલાયો હતો. છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ સ્થિત થયો હતો પરંતુ આજે વાતાવરણ પલ્ટાના લીધે મહત્તમ તાપમાન પણ નીચે ઉતર્યુ હતુ.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ગરમીનો પારો ૪૧ ડીગ્રીની આસપાસ રહે છે. આકરી ગરમીના લીધે નગરજનો પણ તોબા પોકારી ગયા છે. જયારે આજે ગરમીના કહેર વચ્ચે અચાનક જ વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. સવારથી આકાશમાં વાદળોનો ઘેરાવ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન તડકી છાયડી વચ્ચે વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહેતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી જયારે બપોર બાદ પણ વાદળિયા વાતાવરણના લીધે પલવારમાં જ વરસાદ આવશે તેવી સંભાવના પણ પ્રબળ બની હતી. કચ્છ સહીત રાજયના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો જયારે વાતાવરણ પલ્ટાની અસર ગાંધીનગરમાં પણ જોવા મળી હતી. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર રહે છે. જયારે છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન પણ ૪૧ ડીગ્રીએ સ્થિર થયેલુ હતુ જયારે આજે વાદળિયા વાતાવરણના અંતે મોસમનો મિજાજ બદલાયો હતો.

મહત્તમ તાપમાન ૦.૫ ડીગ્રી ગગડયુ હતુ. જો કે લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થયો ન હતો. વાતાવરણ પલ્ટાના લીધે સવારે ભેજનુ પ્રમાણ વધ્યુ હતુ. સવારે ભેજનુ પ્રમાણ વધીને ૬૪ ટકા પહોંચી ગયુ હતુ. દિવસ દરમિયાન શહેરમાં વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જેના લીધે ગરમીમાં પણ નગરજનોએ રાહત અનુભવી હતી. કોરોનાના કહેર વચ્ચે મોસમનો બદલાવ પણ નગરજનો માટે ચર્ચાનો વિષય બન્યો હતો. સાંજના સમયે કરફયુ પુર્વે પણ નગરમાં કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૦.૫ ડીગ્રી રહ્યુ હતુ. જો કે વાતાવરણ પલ્ટાના અંતે પણ બપોરનો તાપ અસહ્ય રહ્યો હતો. પરંતુ સાંજના સમયે ગરમીમાં નગરજનોએ રાહત અનુભવી હતી.

## શહેરના ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર થતા એસ.ટી. બસો હવે મુળ રૂટમાં દોડશે

**છેલ્લા દોઢ વર્ષથી ટ્રાફિક ડાયવર્ઝનના લીધે ચ માર્ગ પરથી શહેરી બસ સેવાના રૂટો નિયત કરાયા હતા**

ગાંધીનગર તા ૨૦

શહેરના મુખ્ય ઘ માર્ગ પર છેલ્લા દોઢ વર્ષથી અન્ડર પાસનુ કામ ચાલતુ હતુ જયારે આ કામગીરીને અનુલક્ષી ટ્રાફિકને પણ ડાયવર્ઝન અપાયુ હતુ. જેના લીધે એસ ટી બસના રૂટમાં પણ ફેરફાર કરાયો હતો. જયારે હવે અન્ડર પાસ તૈયાર થઈ જતા ગાંધીનગર ડેપોએ મુળ રૂટમાં બસ સેવા શરૂ કરી દીધી છે. અલબત્ત ઘ માર્ગ પર એસ ટી બસ દોડતી થઈ ગઈ છે.

શહેરના મુખ્ય ઘ માર્ગ પર છેલ્લા દોઢ વર્ષથી અન્ડર પાસના નિર્માણનુ કામ ચાલતુ હતુ. જયારે અન્ડર પાસનુ કામ પુર્ણ થયા બાદ હાલ આ રૂટમાં ટ્રાફિકની અવરજવર પણ શરૂ કરી દેવામાં આવી છે. અન્ડર પાસ પરથી ટ્રાફિકનો ધમધમાટ શરૂ થઈ જતા નગરના મુખ્યમાર્ગ પર ટ્રાફિકનુ સંચાલન પણ સરળ બન્યુ છે. અન્ડર પાસની કામગીરીને અનુલક્ષીને નગરના ઘ માર્ગ પર એસ ટી ની અવરજવર પણ બંધ હતી. છેલ્લા દોઢ દરમિયાન કોરોનાના કહેર વચ્ચે આમ પણ એસ ટી સેવા મોટાભાગે બંધ રહી હતી. પરંતુ ગત દિવસોમાં લોકડાઉનના અંતે એસ ટી પૈડા ટ્રેક પર દોડતા થયા બાદ શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસનુ કામ ચાલતુ હોવાથી નગરના ચ માર્ગ પરથી એસ ટી બસના રૂટો નિયત કરયા હતા જયારે એસ ટી બસ ચ માર્ગ પર થઈને દોડતી હતી. ગ માર્ગ પર પણ હાલ અન્ડર પાસ તૈયાર થઈ રહ્યો છે. જયારે હાલ આ માર્ગ પર ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે. બીજીતરફ ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરી દેવાયા બાદ હવે એસ ટી પણ આ રૂટમાં જ દોડતી થઈ ગઈ છે. જેના લીધે શહેરમાં શહેરી બસ સેવાને અનુલક્ષી નિયત કરાયેલા રૂટ મુજબ એસ ટી બસ સેવા પુરી પાડવા માટે મુળભુત રૂટ મુજબ બસો દોડાવાનુ ગાંધીનગર ડેપોએ શરૂ કરી દીધુ છે.


### શ્રદ્ધાંજલિ



**સ્વ. પ્રકાશભાઈ ભાનુપ્રસાદ મહેતા**

**સ્વ. તા. ૧૮-૦૪-૨૦૨૧, રવિવાર**

આજે તમે અમારી સાથે નથી પણ અમારી જોડે હોવાનો અહેસાસ સતત થાય છે. તમારી સદ્‌ભાવના ભરેલી મીઠી સ્મૃતિઓ કદી નહીં ભૂલાય એક કર્મનિષ્ઠ, મૂક સેવક પુણ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એવી પ્રાર્થના.

લિ.

પ.પૂ.સંતશ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) પ્રેરિત સંસ્કૃતિ પરિવાર, ગાંધીનગરના પરિવારજન વતી વિજયભાઈ ઠક્કર





**મર્હુમ.હુસેનભાઈ ઈસ્માઈલભાઈ ઘાંચી**

તા.૧૯-૦૪-૨૦૨૧

સમય જીંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી ?
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી ?
સમય વિતતો જશે પણ યાદ તમારી સદા હૈયે રહેશે
ઈન્ના લીલ્લાહી વઈન્ના ઈલયહી રજીઉન.

લિ.

**સલમાબેન હુસેનભાઈ ઘાંચી**

| | |
|---|---|
| સમીર હુસેનભાઈ ઘાંચી | સલીમભાઈ ઘાંચી |
| (ચાર્ટર એકાઉન્ટટ) | રીઝવાના સલીમ ઘાંચી |
| નાઝીયા સમીર ઘાંચી | ઝકી, લીઝા, ઝીયાન, કેયાન |


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com